આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તમારે તમારી અંદર એવી જગ્યા શોધવી પડશે જ્યાં કશું જ અસંભવ ન હોય
- દીપક ચોપરા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૫ | ૨૭ ઓગસ્ટ, ૨૦૧૪, બુધવાર; ભાદરવા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પેપરલેસ વહીવટ માટે સરકાર કટિબદ્ધ

## મહેસુલી તંત્રને પ્રજાભિમુખ બનાવવા માટે મહત્વના નિર્ણયો લેવાયા છે : દહેગામ તાલુકા સેવાસદનના નવનિર્મિત ભવનનો મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે લોકાર્પણ સંપન્ન






ગાંધીનગર, તા.૨૬

રાજય સરકાર હાઈટેકનો વહીવટીતંત્રમાં સદુપયોગ કરી પેપરલેસ વહીવટની સાથે સાથે પ્રજાભિમુખ અભિગમ અપનાવવાની દિશામાં આગળ વધી રહેલ છે. હવે જિલ્લા કક્ષાએ પણ વહીવટી તંત્રના કોમ્પ્યુટરાઈઝેશન પર આગામી દિવસોમાં વધુ ભાર મુકવામાં આવશે તેમ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે દહેગામ ખાતે સેવા સદનના મકાનના લોકાર્પણ પ્રસંગે બોલતાં જણાવ્યું હતું.

મહેસુલી વિભાગને વધુ પ્રજાભિમુખ બનાવવામાં આવી રહ્યાનો ઉલ્લેખ કરી તેમણે લેવાયેલા મહત્વના નિર્ણયોની જાહેરાત પણ આ પ્રસંગે કરી હતી. જો કે ખેડૂતોને જમીન ખરીદવામાં કાળજી રાખવાની ટકોર કરતાં જણાવ્યું હતું કે ચોકસાઈ કર્યા પછી જ નિર્ણય કરવો. વારસાઈ નોંધો જે એક લાખ જેટલી પડતર હતી તેનો નિકાલ કરવામાં આવ્યો હોવાની જાહેરાત પણ તેમણે કરી હતી.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજયમાં જમીન મહેસૂલ રેકર્ડ અદ્યતન કરીને ઓન-લાઈન રી-સર્વે દ્વારા ડીજીટલ રેકર્ડ દ્વારા પારદર્શી મહેસૂલી વ્યવસ્થા ભી કરવાની નેમ વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે જમીન વેચાણ અને એન.એ. માટે વારંવારના વેચાણ દસ્તાવેજોના કિસ્સામાં છેલ્લામાં છેલ્લું વેચાણ ખેડૂતને થયું હોય તે માન્ય રાખી પાછળના અન્ય વેચાણ દસ્તાવેજો રદ ગણીને જમીન એન.એ. કરવાની -ક્રિયા સરળ બનાવવાના મહત્વાકાંક્ષી નિર્ણયની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.

શ્રીમતી આનંદીબહેન પટેલે

● અનુસંધાન પાન-૭ પર

# વજુભાઈ વાળા કર્ણાટકના રાજ્યપાલ નિમાયા

## મોદી સરકાર દ્વારા ચાર રાજ્યોના નવા રાજ્યપાલોની નિમણૂંક : ભાજપના વરિષ્ઠ નેતા કલ્યાણસિંહની રાજસ્થાનના રાજ્યપાલ તરીકે નિમણૂંક કરાઈ : મહારાષ્ટ્રમાં વિદ્યાસાગર રાવને જવાબદારી : વિધિવત ઘોષણા થઈ



ગાંધીનગર-નવી દિલ્હી,તા. ૨૬

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આજે ચાર રાજ્યોના નવા રાજ્યપાલોની નિમણૂંક કરી હતી. ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા કલ્યાણસિંહને રાજસ્થાનના રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાને કર્ણાટકના રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. વાજપેયી સરકારમાં પ્રધાન તરીકેની જવાબદારી અગાઉ અદા કરી ચુકેલા સી વિદ્યાસાગર રાવને મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપ મહિલા મોરચાના ભૂતપૂર્વ પ્રમુખ મૃદુલા સિંહાને ગોવાના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે.

ગુજરાતમાંથી રાજ્યપાલ તરીકે ઘણા વર્ષો બાદ કોઈ રાજકીય આગેવાનની પસંદગી થતાં જ રાજકીય વર્તુળોમાં આનંદનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે. અગાઉ કુમુદબેનની પસંદગી ગવર્નર તરીકે થઈ હતી. શ્રી વજુભાઈની નિમણુંક પણ રાજ્યપાલ તરીકે દક્ષિણમાં જ થઈ છે, જે પણ યોગાનુયોગ છે અને કુમુદબેન પણ સૌરાષ્ટ્ર-કચ્છનું પ્રતિનિધિત્વ કરતા હતા તે પણ એક યોગાનુયોગ છે.

મહારાષ્ટ્રમાં અને અન્યત્ર હાલમાં જ જગ્યા ખાલી થઈ હતી. કે શંકરનારાયણના રાજીનામા બાદ

● અનુસંધાન પાન-૭ પર

# શૈક્ષણિક સુવિધા અને સ્તર માટે અધિકારીઓને મુખ્યમંત્રીનું તેડુ

## દહેગામમાં અધિકારીઓની સમીક્ષા બેઠકમાં તંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા તાકીદ કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં શૈક્ષણિક સુવિધાઓ અને શૈક્ષણિક સ્તરના મુદ્દાઓની ચર્ચા કરવા માટે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે શિક્ષણના અધિકારીઓને રૂબરૂ મળવા જણાવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આજે દહેગામ ખાતે સેવાસદનના લોકાર્પણ પછી જિલ્લાના અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીના ગુસ્સાનો શિકાર અધિકારીઓ બન્યા હતા. સે. ૭ ની પ્રા. શાળામાં ઓચિંતી મુલાકાત બાદ આજે અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં શિક્ષણના મુદ્દાઓ છવાયેલા રહેવા પામ્યા હતા.

શાળાઓની સ્વચ્છતા અંગે તેમજ સ્માર્ટ સ્કૂલ અને અન્ય શૈક્ષણિક પ્રોજેકટરોને લઈ તેમણે અધિકારીશ્રીઓને આડે હાથ લીધા હોવાની વાતો પણ ચર્ચાઈ રહી છે.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કુપોષણ સામેના જંગની કાર્યવાહીને લક્ષ્યાંક આધારિત નહિ પણ સર્વગ્રાહી રીતે સઘન બનાવવા પર ભાર મુક્યો હતો. તેમણે આ મુદ્દે સઘન કાર્યક્રમ અમીલકરણની સાથે સાથે અસરકારક મોનીટરીંગની વાત પણ કહી હતી.

ખાસ કરીને તરૂણાવસ્થામાં પ્રવેશ કરતી બાલિકાઓમાં આયર્નની ઉણપને લઈ તેમણે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી હતી. તેમણે એવી ટકોર કરી હતી કે દરેક તબીબી અધિકારી નિયમિત રીતે શાળાની મુલાકાત લે તેમજ યુવતીઓને આ અંગે જરૂરી માર્ગદર્શન આપે તેમજ નિયમિત રીતે આયર્નની ગોળી કેમ લેવી જોઈએ તની સમજ આપે તે જરૂરી છે.

શ્રીમતિ આનંદીબેન પટેલે જ્ઞાન સપ્તાહના પ્રથમ બે દિવસ દરમ્યાન ગ્રામ સફાઈ થાય અને તે માટે અધિકારીઓ અને પદાધિકારીઓની ભાગીદારી વધે તે જોવા જણાવ્યું હતું. જ્ઞાન સપ્તાહના કાર્યક્રમોની ઉજવણી માત્ર કાગળ પર નહિ વાસ્તવિક રીતે થાય તે જોવા વિશેષ આગ્રહ કર્યો હતો.

આ સમીક્ષા બેઠકમાં મહેસુલી તંત્રને પણ વધુ પ્રજાભિમુખ બનાવવા પર તેમણે ભાર મુક્યો હતો. તેમણે વનડે અર્વનન્સ્માં વધતી જતી પેન્ડલીનો ઉલ્લેખ કરી નિયમિત નિકાલ અવશ્ય થાય તે જોવા જણાવ્યું હતું.

આ બેઠકમાં ચિંતન શિબિરોના આયોજનો તેમજ ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકોમાં થયેલી કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

# ફૂડકોર્ટના દુકાનદારો પરવાના વિના ધંધો નહિ કરી શકે : તંત્રની ચેતવણી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં ઘ-૫ નજીક બનાવવામાં આવેલ ફૂડકોર્ટમાં દુકાન ચાલકોને જરૂરી લાયસન્સો એક માસમાં જ મેળવી લેવા અને દેખાય તે રીતે દુકાનમાં રાખવા માટેની કડક તાકીદ પોલીસતંત્ર દ્વારા કરવામાં આવી છે.

ઘ-૫ પાસેના ફૂડકોર્ટમાં લાયસન્સ વગર જ દુકાનો ચાલી રહી હોવાની તેમજ ત્યાં સ્વચ્છતા પણ નહિ જળવાતી હોવાની ઉપરાંત અનેકવિધ ફરિયાદો ઉઠતાં જિલ્લા પોલીસની સ્પેશ્યલ ઓપરેશન ગૃપની ટીમ ત્યાં ત્રાટકી હતી.

તપાસ દરમ્યાન ફૂડકોર્ટના વેપારીઓ પાસે પુરતા લાયસન્સ જ નહિ હોવાની ચોંકાવનારી હકીકત બહાર આવતાં અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા અને બધાને એક માસમાં જ આ પરવાના મેળવી લેવા તેમજ બધાને દેખાય તે રીતે દુકાનમાં લટકાવવા અંગેની તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં ફૂડકોર્ટના દુકાનદારોએ જરૂરી ફૂડ લાયસન્સ, ફાયર સેફ્ટીની સુવિધા તેમજ સ્વચ્છતા માટે અને ગુણવત્તા ધારા સહિતના પરવાના લેવાના હોય છે પરંતુ આ બધુ તંત્ર દ્વારા પણ નજરઅંદાજ કરાતુ હોવાનું જણાતાં હવે મુદત આપવામાં આવી છે.


ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

હવે મેળવો
11.36% ઇ.વ.*
૬૦ મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને ૮ વર્ષ ૧ માસમાં બમણી કરો!!*
ડીસીબી ફિક્સ્ડ ડિપોઝીટ ખોલાવો અને મેળવો એક સ્ટાઈલિશ લેપટોપ બેગ, તદ્દન મફત!^



ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825647075 / 9879204002 / 65730141
DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)
DCB BANK

## ● રજનીકાંત ભાજપમાં જોડાય તેવી અટકળો




તમિલનાડુમાં ભગવાનની જેમ પુજાઈ રહેલા સુપરસ્ટાર રજનીકાન્ત ભાજપ જોઈન્ટ કરી શકે છે. રજનીકાંતને તેમની રાજનીતિક ઈનિંગ્સ વિશે પુછતાં તેમણે કહ્યું કે ભગવાનની મરજી હશે તેમ થશે. રજનીકાંતના આવા જવાબથી જ તેમની ભાજપ જોઈન કરવાની અટકળોનું બજાર ગરમ થઈ ગયુ હતું. ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ અમિત શાહ રજનીકાંતને તમિલનાડુમાં ભાજપનો ચહેરો બનાવવા માગે છે અને રજનીકાંતને પણ તેમાં દિલચસ્પી છે.

## ● દરેકના ખાતા ખોલવા મોદીનો દરેક બેન્કોને ઈ-મેલ



દેશનો એકપણ પરિવાર બેન્ક ખાતા વિના ન રહે તેવા પ્રયાસો કરવા પીએમ નરેન્દ્ર મોદીએ બેન્કોને આહવાન કર્યુ છે. મોદીએ તમામ બેન્કોના અધિકારીઓને મોકલેલા ઈ-મેલ મેસેજમાં જણાવ્યું છે કે પ્રધાનમંત્રી ધન જન યોજના સમસ્ત રાષ્ટ્રમાં ૨૮ ઓગસ્ટથી શરૂ થઈ જશે. આ લક્ષ્યને ૨૮ ઓગસ્ટથી શરૂ થઈ જશે. આ લક્ષ્યને હાંસલ કરવા બેન્ક અધિકારીઓને તેમણે આગ્રહ કરવાની સાથે ઉત્કૃષ્ટ કામગીરી કરનારી બેન્કની શાખાઓનું રાષ્ટ્રીય સન્માન કરવામાં આવશે તેવી જાહેરાત પણ કરી હતી.

## ● ધો. ૧૦ની પરીક્ષા પેટર્નમાં બે વર્ષ કોઈ બદલાવ નહીં



ધો. ૧૦ના વિદ્યાર્થીઓ ૨૦૧૫ સુધી હૈયે ધરપત રાખજો. ૨૦૧૫ સુધી પરીક્ષા પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવામાં નહીં આવે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધો. ૧૦ ની વર્તમાન એમસીક્યુ સીસ્ટમમાં ૨૦૧૫ના વર્ષમાં કોઈ બદલાવ નહીં કરવાનો નિર્ણય લીધો છે. અર્થાત આવતા શૈક્ષણિક વર્ષમાં પણ ૫૦ ટકા પ્રશ્નો એમસીક્યુ ધોરણે રહેશે.

## મુખ્યમંત્રીશ્રીનો રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ મૂલત્વી

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ -રિત જનફરિયાદ નિવારણનો -તિમાસના ચોથા ગુરૂવારે યોજાતો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણનો રાજયકક્ષાનો કાર્યક્રમ ગુરૂવાર તા.૨૮ ઓગસ્ટ-૨૦૧૪ના રોજ યોજાશે નહી. તેમ મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમના નાયબ કલેકટરશ્રી ચંન્દ્રેશ કોટકે જણાવ્યું છે.